**માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા**

**ક્રમાંક:૪**

# સરકારી વિધેયક સંબંધમાં રીત

# વિધેયક દાખલ કરવા બાબત

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૧૪** સન **૨૦૨૪**ના **ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક**ને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષ :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

## પહેલું વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૧૪** સન **૨૦૨૪**ના **ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક**નું પહેલું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવ એ છે કે સન _____ ના વિધેયક ક્રમાંક:....... સન _____ ના વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**(પ્રભારી મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓ ત્યાર પછી પોતાનાં વક્તવ્યો કરે છે અને છેવટે પ્રભારી મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપે છે.)**

**અધ્યક્ષ :** હવે, હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે સન _____ ના વિધેયક ક્રમાંક:........નું પહેલું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે છે.

## બીજું અને કલમવાર વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૧૪** નું બીજું વાંચન કરવામાં આવે.

## બીજા વાંચનના પ્રસ્તાવ પર સુધારા આવ્યા ન હોય તો

**અધ્યક્ષ :** હવે, હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે સન _____ ના વિધેયક ક્રમાંક:........નું બીજું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે છે.

(ત્યારબાદ વિધેયકનું કલમવાર વાંચન કરવામાં આવે છે.)

## કલમો ઉપર સુધારા આવ્યા ન હોય તો

**(સુધારા આવ્યા ન હોય ત્યારે કલમ-૨ થી છેલ્લી કલમ સુધીની બધી કલમો, અનુસૂચિઓ તેમજ કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા પર, એક સાથે અને એ જ ક્રમમાં નીચે મુજબ મત લેવામાં આવે છે.)**

**અધ્યક્ષ :** પ્રશ્ન એ છે કે **કલમ-______**, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકના ભાગ તરીકે રહે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. **કલમ-______**, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકના ભાગ તરીકે રહે છે.

## ત્રીજું વાંચન

**પ્રભારી મંત્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક: **૧૪** નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવ એ છે કે સન **૨૦૨૪**ના વિધેયક ક્રમાંક:........નું ત્રીજુ વાંચન કરવામાં આવે.

## ત્રીજા વાંચન પર સુધારા આવ્યા ન હોય તો

**(ત્રીજા વાંચનના પ્રસ્તાવ પર કોઈ સભ્યશ્રીએ વકતવ્ય કરવું હોય તો તેવું વકતવ્ય થઈ ગયા પછી અને પ્રભારી મંત્રીશ્રીએ જવાબ આપ્યા પછી પ્રસ્તાવ મત માટે મુકવામાં આવે છે.)**

**અધ્યક્ષ :** હવે, હું પ્રસ્તાવ મત માટે મૂકીશ, પ્રશ્ન એ છે કે સન ______ ના વિધેયક ક્રમાંક:........નું ત્રીજું વાંચન કરવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) BILL, 2024.

## GUJARAT BILL NO. 14 OF 2024.

***A BILL***

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

It is hereby enacted in the Seventy-fifth Year of the Republic of India as follows: -

**Short title.**

**1.** This Act may be called the Gujarat Private Universities (Amendment) Act, 2024.

**Guj. 8 of 2009.**

**Amendment section 10 of Guj. 8 of 2009.**

**2.** In the Gujarat Private Universities Act, 2009, section 10 shall be renumbered as sub-section (1) of that section and after sub-section (1) as so renumbered, the following sub-section shall be added, namely:-

> "(2) The State Government may, by notification in the *Official Gazette*, make changes in any existing column or entry of the Schedule.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The State Government has enacted the Gujarat Private Universities Act, 2009 (Guj. 8 of 2009) to provide for establishment of Private Universities in the State so as to provide for qualitative and industry related higher education and to regulate their functions in accordance with the provisions of the Act.

Existing section 10 of the said Act provides for inclusion of any University in the Schedule appended to the said Act with such name, location and Jurisdiction of such University by an appropriate legislation. It is observed that while making some changes in the name and address of the University as also the details of the Sponsoring Body, certain difficulties have arisen. Hence, the State Government considers it necessary to amend said section 10 so as to make changes in any existing column or entry of the Schedule appended to the said Act. *Clause* 2 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid object.

**PRAFUL PANSHERIYA,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves delegation of legislative power in following respects:-

***Clause 2.*** **-** New sub-section (2) of section 10 proposed to be added by this clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, changes in any existing column or entry of the Schedule appended to the Gujarat Private Universities Act, 2009.

The delegation of legislative power as aforesaid is necessary and is of a normal character.

Dated the $17^{th}$ August, 2024. **PRAFUL PANSHERIYA.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT PRIVATE UNIVERSITIES ACT, 2009.

**(Guj. 8 of 2009)**

---

**Establishment and incorporation of University by legislation.**

**10.** If the Government is satisfied that the sponsoring body has complied with the conditions of Letter of Intent, it may bring appropriate legislation for inclusion of the name of the University in the Schedule with such name, location and jurisdiction as specified in the Schedule subsequent to which the University shall function independent of the Sponsoring Body with all powers vested in the Board of the Governors of the University.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 14 OF 2024.**

*A BILL*

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

**[ SHRI PRAFUL PANSHERIYA,**
**MINISTER OF STATE FOR HIGHER EDUCATION]**

(As published in the Gujarat Government Gazette of 17th August, 2024)

**Chetan Pandya,**
**Incharge Secretary,**
**Gujarat Legislative Assembly.**

----------

Government Central Press, Gandhinagar.

**GUJARAT BILL NO. 14 OF 2024.**

# THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) BILL, 2024.

***A BILL***

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪.**

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૪.

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો. ૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, કલમ ૧૦ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

"(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિની કોઇ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફારો કરી શકશે.".

H-262-500-08-24-DTP-2

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અને અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેમના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે.

સદરહુ અધિનિયમની વિદ્યમાન કલમ ૧૦થી, સદરહુ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિમાં, યોગ્ય વિધાન (કાયદા)થી કોઇ યુનિવર્સિટીના તેવા નામ, સ્થાન અને હકૂમત (અધિકારક્ષેત્ર) સાથે તેવી યુનિવર્સિટીનો સમાવેશ કરવા માટેની જોગવાઇ કરી છે. એવી બાબત ધ્યાનમાં આવી છે કે યુનિવર્સિટીના નામ અને સરનામા અને પુરસ્કર્તા મંડળની વિગતોમાં કેટલાક ફેરફારો કરતી વખતે, કેટલીક મુશ્કેલીઓ ઊભી થઇ છે. તેથી, રાજ્ય સરકારને, સદરહુ કલમ ૧૦ સુધારવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને, સદરહુ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિની કોઇ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફારો કરી શકાય. વિધેયકની કલમ ૨-થી, તે અંગેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**પ્રફુલ પાનશેરીયા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

**કલમ ૨.-** આ કલમથી ઉમેરવા ધારેલી કલમ ૧૦ની નવી પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ સાથે જોડેલી અનુસૂચિની કોઇ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફારો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખઃ ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪.** **પ્રફુલ પાનશેરીયા.**

## પુરવણી

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯

## (સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા)માંથી ઉતારા.

---

વિધાન (કાયદા)થી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.

**૧૦.** સરકારને ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે ઈરાદા પત્રની શરતોનું પાલન કર્યું છે તો, તે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલું હોય તેવું યુનિવર્સિટીનું નામ, સ્થાન અને હકૂમત (અધિકારક્ષેત્ર) સાથે યુનિવર્સિટીનું નામ અનુસૂચિમાં સમાવિષ્ટ કરવા માટે યોગ્ય વિધાન લાવી શકશે. જેના પછી યુનિવર્સિટી યુનિવર્સિટીના સંચાલક મંડળમાં નિહિત થયેલી તમામ સત્તા સાથે પુરસ્કર્તા મંડળથી સ્વતંત્ર કામગીરી કરશે

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪.]

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રફુલ પાનશેરીયા,

રાજ્ય કક્ષાના ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧૭મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડયા,
ઈન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.